દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૫૯ વર્ષ

તથા ગુજરાતદર્પણ સ્થાપના: ૧૮૬૩

ગુરુવાર ૨૩ જૂન, ૨૦૨૨

# બળવો ટાળવા માટે પક્ષે કદાવર નેતાઓની સતત અવગણના ટાળવી જોઈએ

મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી અને શિવસેનાના શક્તિશાળી નેતા એકનાથ શિંદેએ પોતાના પક્ષ સામે બળવો કરીને મહારાષ્ટ્રના શાસક ગઠબંધનને આજે રાજકીય કટોકટીમાં ધકેલી દીધું હતું. શિંદે શિવસેનાના કેટલાક ધારાસભ્યો સાથે આજે સુરતની હોટલમાં રોકાણ કર્યા બાદ ગુવાહાટી ગયા હતા. તેમની સાથે 40થી વધુ ધારાસભ્યો હોવાનો તેઓ દાવો કરી રહ્યાં છે અને જો તેમની વાત સાચી હોય મહારાષ્ટ્રમાં અઢી વર્ષથી શાસન કરી રહેલ મહારાષ્ટ્ર વિકાસ અઘાડી(એમવીએ) ની સત્તાની સ્થિરતા સામે મોટો પ્રશ્નાર્થ સર્જાયો છે. મહારાષ્ટ્રમાં વિધાન પરિષદના ચૂંટણી પરિણામો સોમવારે રાત્રે જાહેર થયા હતા જેમાં શિવસેનાની આગેવાની હેઠળના એમવીએ ગઠબંધને તેણે જેની ચૂંટણી લડી હતી તે ૬ બેઠકોમાંથી એક ગુમાવી હતી જ્યારે વિપક્ષ ભાજપના તમામ પાંચ ઉમેદવારો ચૂંટાઇ આવ્યા હતા. ભાજપની તરફેણમાં ક્રોસ વોટિંગ થયું હોવાનું મનાય છે. બળવા પછી ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વે હેઠળની શિવસેનાએ થાણે જિલ્લાથી ચૂંટાયેલા એવા ૫૮ વર્ષીય શિંદેને તરત જ મહારાષ્ટ્ર વિધાનસભામાં પક્ષના નેતાપદેથી દૂર કર્યા છે. એકનાથ શિંદે મહારાષ્ટ્ર સરકારમાં શહેરી વિકાસ અને પીડબલ્યુડીના ખાતાઓ સંભાળે છે. શિંદેની જગ્યાએ ગૃહમાં પક્ષના નેતા તરીકે અજય ચૌધરીને મૂકવામાં આવ્યા છે. હવે આવી સ્થિતિનું નિર્માણ શા માટે થાય છે તેના ઉપર મનોમંથન થવું જોઇએ કારણ કે, આ રાજકીય બળવાની પહેલી ઘટના નથી આવા અનેક બળવા પહેલા પણ થઇ ચૂક્યા છે અને તેનું સૌથી મોટુ કારણ એ છે કે, પાર્ટી જ સર્વસ્વ છે તેમ ગણાવીને કદાવર લોકોની અવગણના. એકનાથ શિંદે મહારાષ્ટ્રમાં શિવસેનાના રાજકારણમાં ઠાકરે પરિવાર પછી સૌથી કદાવર ગણાતા હતાં. તેઓ તેમની જાતને આજે પણ કટ્ટર શિવસૈનિક તરીકે ઓળખાવે છે. પરંતુ ઉદ્ધવ સરકારમાં તેમની સતત અવગણના જ બળવાનું મહત્વનું કારણ બની છે. ગુજરાતમાં પણ આવું જ બન્યું હતું. એ 1995નું વર્ષ હતું. ત્યારે ગુજરાતમાં બળવો થયો હતો. તે સમયના ગુજરાતના મુખ્યમંત્રી કેશુભાઇ પટેલ સામે શંકરસિંહ વાઘેલાએ બળવો કર્યો હતો. સપ્ટેમ્બર-1995માં શંકરસિંહ વાઘેલાને કેશુભાઈ પટેલ સામે વાંધો પડતા તેઓ પાર્ટીના 47 ધારાસભ્યને લઈને મધ્ય પ્રદેશના ખજૂરાહો જતા રહ્યા અને સરકાર સામે બળવો પોકારી દીધો. એ સમયે મધ્ય પ્રદેશમાં દિગ્વિજયસિંહના નેતૃત્વમાં કોંગ્રેસની સરકાર હતી. અહીં બધી વ્યવસ્થા કરી દેવામાં આવી હતી. તે સમયે પણ સૌથી મહત્વનું કારણ એ જ હતું કે અવગણના. શંકરસિંહ વાઘેલા તે સમયે ભાજપના કદાવર નેતા હતા પરંતુ તેમને તેમજ તેમના સમર્થક ધારાસભ્યોને તમામ પ્રકારે અન્યાય થતો હતો. થોડા સમય પહેલા મધ્યપ્રદેશમાં જેમના લોહીમાં જ કોંગ્રેસ આવેલું તેવા જ્યોતિરાદિત્ય સિંધિયાની પણ સતત અવગણના થતાં અંતે તેમણે ભાજપનનું દામન થામી લીધું હતું. ઉત્તર પ્રદેશમાં રિટા બહુગુણા જોશી સતત અપમાન સહન કરતાં રહ્યાં અને અંતે ભાજપમાં જોડાઇ ગયા. પ્રિયંકા ચતુર્વેદી પણ તેનું ઉદાહરણ છે જે કોંગ્રેસ છોડીને શિવસેનામાં જવા માટે મજબૂર બની ગયા હતાં. એટલે વાત એ જ છે કે, જ્યારે જેમની પાસે સુકાન હોય તેમણે પક્ષના અન્ય નેતાઓનું સન્માન જળવાઇ રહે તે રીતે વર્તન કરવું જોઇએ તેમજ તેમના સમર્થકોને પણ સન્માનજનક હોદ્દા ઉપર રાખવા જોઇએ. પરંતુ આવુ થતું નથી અને દરેક પક્ષમાં બળવો થાય છે. બળવો કરવો કે નહીં કરવો તે પક્ષની આંતરિક બાબત છે પરંતુ મતદારોનું શું? મતદારો મત આપતી વખતે વ્યક્તિ અથવા તો પક્ષને ધ્યાનમાં રાખીને મત આપે છે. જ્યાં સુધી વ્યક્તિને જોઇને મત આપ્યો હોય ત્યાં સુધી તો ઠીક પરંતુ જો પક્ષને જોઇને મત આપ્યો હોય અને તે વ્યક્તિ પક્ષ સામે બળવો કરે ત્યારે મતદારો સમસમી જાય છે. તેવી જ રીતે બળવો થાય અને જો વિધાનસભા કે સાંસદ ભંગ થાય તો તેનો અબજો રૂપિયાનો બોજ પણ પ્રજાના માથે જ આવે છે.

# આપણે ત્યાં પ્રગલ્ભ નાગરિકો સામેનો મોટો પડકાર

આને કહેવાય પ્રગલ્ભ નાગરિક. ફ્રાંસમાં રાષ્ટ્રપતિપદ માટે યોજાયેલી ચૂંટણીમાં લોકતંત્રમાં નિષ્ઠા ધરાવતા ઉદારમતવાદી મતદાતાઓએ ફાસીવાદી વિચારધારા ધરાવનારાં સર્વેસર્વા મેરી દ પેનને સત્તા સુધી પહોંચતાં અટકાવવા માટે સંગઠિતપણે અને વ્યૂહાત્મક ધોરણે મતદાન કર્યું હતું અને ઈમેન્યુઅલ મેક્રોનને ફરી વાર ચૂંટી આપ્યા એ ઘટનાને હજુ બે મહિના પણ નથી થયા ત્યાં ફ્રાંસના એ જ પ્રગલ્ભ મતદાતાઓએ પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોનને સજા કરીને મજા પણ ચખાડી દીધી છે. ફ્રાંસમાં પ્રમુખપદની અને ત્યાંની લોકસભા (નેશનલ એસેમ્બલી) ની એમ બન્ને ચૂંટણી દેશનાં નાગરિકો મતદાન કરીને કરે છે. ફ્રાંસમાં પ્રમુખને ઘણી સત્તા છે, પણ એ સત્તા સાવ અબાધિત પણ નથી. તેમણે ત્યાંની લોકસભા પાસેથી કેટલીક મહત્ત્વની બાબતે મંજૂરી લેવી પડે છે. ૨૦૦૨ પછી મેક્રોન ફ્રાંસના પહેલા પ્રમુખ છે જેને મતદાતાઓએ બીજી મુદત માટે ચૂંટી આપ્યા હતા. ૨૦૦૨ ની સાલમાં જેક્સ ચિરાક બીજી મુદત માટે પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. નેશનલ એસેમ્બલીની કુલ ૫૭૭ બેઠકોમાંથી મેક્રોનના પક્ષને અને મોરચાને ૨૪૫ બેઠકો મળી છે. સાદી બહુમતીથી ૪૪ બેઠકો ઓછી મળી છે. ફ્રાંસના ડાબેરી મોરચાને ૧૩૧ બેઠકો મળી છે અને મેરી દ પેનના નેશનલ રેલી નામના પક્ષને ૯૦ બેઠકો મળી છે. ખાસ નોંધવાલાયક અને ચિંતાજનક બાબત એ છે કે પાછલી લોકસભામાં મેરીના પક્ષની માત્ર દસ બેઠકો હતી જે વધીને ૯૦ થઈ છે. દસ ગણો વધારો.

જગત આખામાં જમણેરી પ્રતિક્રિયાવાદી ઝનૂની લોકોની સંખ્યા વધી રહી છે. મુસ્લિમવિરોધ મુખ્ય પ્રેરકબળ છે, પણ ઝનૂની લોકો એ સમજતા નથી કે મુસ્લિમોને જગ્યા બતાવવી હોય તો કાયદાના રાજનો ત્યાગ કરવો પડે અને સરવાળે એ બહુમતી કોમને જ નુકસાન પહોંચાડે એમ છે. એકંદરે આ બહુમતી પ્રજા માટે ખોટનો સોદો છે. પણ જે ઝનૂની છે એને સમજાવવા મુશ્કેલ છે, કારણ કે તેમનામાં સમજશક્તિ નથી એટલે તો ઝનૂની છે. જ્યાં સમજ જ ન હોય ત્યાં સમજાવવા કેવી રીતે? માટે ઉપાય એક જ છે કે સમજદાર નાગરિકો લોકતાંત્રિક સેક્યુલર ફ્રાંસને બચાવવાનું બીડું ઝડપે અને લોકતંત્રમાં મત એક સાધન છે. જો એ સાધનનો ગણતરીપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો દેશને ફાસિસ્ટોથી બચાવી શકાય. ૨૫ મી એપ્રિલે રાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં સમજદાર નાગરિકોએ ગણતરીપૂર્વક મતદાન કરીને દેશને બચાવી લીધો હતો.

પણ એનો અર્થ એવો પણ નથી કે લોકતંત્ર અને સેક્યુલર શાસક સત્તામાં આવ્યા પછી હંમેશા મર્યાદામાં રહેશે. આખા જગતનો અનુભવ એવો છે કે શાસકો છકી જતા હોય છે અને તેમને સખણા રાખવા પડતા હોય છે. આને માટે લોકતાંત્રિક સંતુલન જરૂરી છે. એપ્રિલ મહિનામાં જે પ્રગલ્ભ નાગરિકોએ મેક્રોનનો હાથ પકડ્યો હતો એ જ પ્રગલ્ભ નાગરિકોએ લોકસભાની ચૂંટણીમાં વિરોધ પક્ષોને બેઠકો આપીને હાથ બાંધી પણ લીધા છે. મેક્રોને હવે ડાબેરી પક્ષોની મદદ લેવી પડશે અને એમાં ફ્રાંસનું કલ્યાણ છે.

સત્તા સ્વભાવતઃ નશો પેદા કરે છે અને જો શાસકમાં વિવેક ઓછો પડતો હોય તો શાસક મર્યાદા ઓળંગવા લાગે છે. એમાં જો શાસક બહુમતી રાષ્ટ્રવાદી અર્થાત્ ફાસીવાદી હોય તો બંધારણીય લોકતાંત્રિક દેશનું આવી બન્યું સમજો. માટે ફ્રાંસના પ્રગલ્ભ મતદાતાઓએ પેન માટે દરવાજા બંધ કરી આપ્યા અને બે મહિનામાં મેક્રોનના હાથ બાંધી આપ્યા.

આપણે જો લોકતંત્ર અને કાયદાનું રાજ બચાવવા માગતા હોઈએ તો ફ્રાંસના મતદાતાઓ પાસેથી ધડો લેવો જોઈએ. ઝનૂની ભક્તો સાથે માથાફોડી કરવાનો કોઈ અર્થ નથી, કારણ કે તેમનો મુસ્લિમદ્વેષ એટલો

## વાત પાછળની વાત

**રમેશ ઓઝા**

> **જગત આખામાં જમણેરી પ્રતિક્રિયાવાદી ઝનૂની લોકોની સંખ્યા વધી રહી છે. મુસ્લિમવિરોધ મુખ્ય પ્રેરકબળ છે, પણ ઝનૂની લોકો એ સમજતા નથી કે મુસ્લિમોને જગ્યા બતાવવી હોય તો કાયદાના રાજનો ત્યાગ કરવો પડે અને સરવાળે એ બહુમતી કોમને જ નુકસાન પહોંચાડે એમ છે. એકંદરે આ બહુમતી પ્રજા માટે ખોટનો સોદો છે. પણ જે ઝનૂની છે એને સમજાવવા મુશ્કેલ છે, કારણ કે તેમનામાં સમજશક્તિ નથી એટલે તો ઝનૂની છે**

તીવ્ર છે કે જો મુસલમાનનું બૂરું થતું હોય તો તે પોતાનાં સંતાનોનું ભવિષ્ય રોળી નાખવા તૈયાર છે. તેમને બિચારાઓને શક્તિ (શક્તિ હંમેશા સાચી જ હોય) અને માથાભારેપણા વચ્ચેનો ફરક જ સમજાતો નથી. શક્તિ એકલવીર પેદા કરે અને માથાભારેપણું ટોળાં પેદા કરે અને ટોળામાં વિવેક નથી હોતો એ તો સનાતન સત્ય છે. માટે આપણે ત્યાં પ્રગલ્ભ નાગરિકો સામેનો પડકાર મોટો છે.

પહેલી જરૂરિયાત છે બહુપક્ષીય લોકતંત્ર અને સમવાય ભારતને બચાવવાની. લોકતંત્રમાં વિરોધ પક્ષો હોવા જરૂરી છે વિરોધ પક્ષોને સમાન રાજકીય જગ્યા (ઇક્વલ પોલીટીકલ સ્પેસ) મળવી જોઈએ. બીજેપીના નેતાઓ પૈસાના જોરે અને ડરાવીને પક્ષાંતર કરાવીને વિરોધ પક્ષોને કમજોર કરી રહ્યા છે. બીજું તેઓ એક પછી એક રાજ્યોમાં વિરોધ પક્ષોની સરકારોને તોડી રહ્યા છે. કર્ણાટક અને મધ્યપ્રદેશ પછી હવે મહારાષ્ટ્રનો વારો છે. રાજસ્થાનની સરકારને પણ તોડવાનો પ્રયાસ કર્યો હતો. દેશમાં મતદાતાઓ સમક્ષ રાજકીય વિકલ્પ ન રહેવો જોઈએ. દક્ષિણ ભારત અને પૂર્વ ભારતમાં બીજેપીને પ્રવેશ ન મળે તો પણ વાંધો નહીં. જ્યાં ઝનૂની હિંદુઓની સંખ્યા વધુ છે અને જેમાં લોકસભાની અંદાજે ૪૦૦ જેટલી બેઠકો છે ત્યાં વિરોધ પક્ષોને લકવાગ્રસ્ત કરી નાખવાના. વિરોધ પક્ષોના વિધાનસભ્યોને બને ત્યાં સુધી ખરીદીને વાડામાં પૂરો અને નહીં તો ડરાવીને વાડામાં લઈ આવવાના.

દેશનું લોકતંત્ર જ્યારે ખતરામાં છે ત્યારે ફ્રાંસની જેમ નાગરિકોએ સજ્જ થવું પડશે. જો કાયદાનું રાજ બચાવવું હશે તો સંતુલિત લોકતંત્ર અનિવાર્ય છે અને કાયદાના રાજમાં જ પ્રજાની સલામતી છે, પછી તમે લઘુમતીમાં હો કે બહુમતીમાં. જગતના જે જે દેશોમાં એકપક્ષીય રાજ છે એ દેશોની હાલત તપાસી જુઓ. ત્યાંની બહુમતી કોમની હાલત તપાસી જુઓ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## એક ગ્લાસ શરબતનો

આવતી કાલે નીનાના ઘરે કામવાળી બાઈ આવવાની ન હતી તેથી તેણે બાજુના બંગલામાં કામ કરતા એક માજીને એક દિવસ છૂટક કામ કરવા માટે આવવા કહ્યું. બીજે દિવસે માજી ભરબપોરે પોતાનાં બધાં કામ પૂરાં કરીને નીનાના ઘરે આવ્યાં. નીનાએ દરવાજો ખોલ્યો અને માજીને આવકારો આપતાં બોલી, ‘માજી, સારું કર્યું તમે આવ્યાં, નહીં તો મારે બધું કામ કરવું પડત અને મારાં બીજાં કામ બાકી રહી જાત.’ માજીને નીનાના આ મીઠા શબ્દો ગમ્યા. તે બોલ્યા, ‘અરે આ તો મારું કામ છે.’ નીનાએ પાણીનો ગ્લાસ આપ્યો.

માજી મીઠું મલકતાં વાસણ કરવા બેઠાં. પાછળ વરંડામાં ખુલ્લામાં ચોકડી હતી, ત્યાં બહુ તડકો આવી રહ્યો હતો અને માજી તડકામાં બેસીને વાસણ માંજવા લાગ્યાં. નીના થોડાં બીજાં વાસણ ત્યાં મૂકવા આવી. તેણે જોયું કે બહુ તડકો પડી રહ્યો છે. તે બોલી, ‘માજી, બહુ તડકો છે. તમે વાસણ આ બાજુ છાયામાં લઈને માંજો. મારી બાઈ તો વહેલી સવારે આવે છે. એટલે ત્યારે ત્યાં તડકો આવતો નથી પણ અત્યારે 12 વાગ્યા ભર તડકો છે. આમ આવતાં રહો.’ વાસણ માંજતાં માંજતાં જ માજી બોલ્યાં, ‘ના રે બહેન, અમે તો રોજ તડકામાં જ આવ-જા કરીએ. થોડી વાર તડકો આકરો લાગશે, પછી વાંધો નહિ આવે.’




માજીએ ધીમે ધીમે વાસણ માંજ્યાં. ચોકડી સાફ કરી અને પછી હાથ મોઢું ધોઈને ઊભાં થયાં. અંદર આવ્યાં. નીનાએ પ્રેમથી પૂછ્યું, ‘માજી, શરબત પીશો? બનાવું?’ માજી કંઈ બોલ્યાં, ‘નહિ’ પણ તેમના ચહેરા પર થાક અને આંખોમાં શરબત પીવાની ઈચ્છા ડોકાઈ રહી હતી. નીનાએ ઓરેન્જ શરબત બનાવીને મોટો ગ્લાસ માજીને આપ્યો અને પોતે પણ લીધો. શરબત પીતાં પીતાં માજી પોતાના ઘરની વાતો કરતાં હતાં. નીનાએ ફરી એક વાર કહ્યું, ‘તમે મારું આજે કામ કરી આપ્યું તે માટે તમારો આભાર.’ નીનાએ તેમને કામના પૈસા આપ્યા. પૈસા લેતાં માજીની આંખોમાં આંસુ આવી ગયા.

નીનાએ ચિંતાથી પૂછ્યું, ‘માજી શું થયું, કેમ રડો છો?’ માજી બોલ્યાં, ‘દીકરા, અત્યારે 70 વર્ષની થઈ અને છેલ્લાં 50 વર્ષથી આ ઘરકામ કરું છું, પણ નથી કોઈએ આવકારો આપ્યો, નથી કોઈએ તડકો લાગશે તેવી ચિંતા કરી, નથી કોઈએ પાણીનું પૂછ્યું. મહેમાનની જેમ શરબત પીવડાવવું તો બહુ દૂરની વાત છે. આજે તેં માણસ ગણીને કાળજી બતાવી, મારા કામના પૈસા આપ્યા, છતાં સાથે આભાર માન્યો. એક શરબતના ગ્લાસ સાથે તેં પ્રેમભરી કાળજી અને આદર આપ્યો, તેનાથી તન અને મનને બહુ ઠંડક મળી. આનંદનાં આંસુ આંખોમાં આવ્યાં છે. બીજું કંઈ નહિ.’ આટલું કહી માજીએ મનોમન નીનાને ઘણા આશીર્વાદ આપ્યા.

તમારે માટે કામ કરતાં દરેકને એક ગ્લાસ પાણી અને શરબત સાથે માન અને લાગણી અચૂક આપો.

### મોર્નિંગ મહેફિલ

**અહીં સુક્કું ને લુખ્ખું વળી ટુકડે જીવાયું છે**
**હવે એ સર્વને ભેગું જીવું એવી ક્ષણો મળજો**
**- મનહર માદી**

# સત્તા મળે ત્યારે ભ્રષ્ટ થવાથી બચવું મુશ્કેલ હોય છે

સત્તા સાથે એની આગવી જવાબદારી સંકળાયેલી હોય છે પણ એ જવાબદારીનું વહન કરવા માટે સહુ કોઈ સક્ષમ હોય એમ બની શકતું નથી. અંગ્રેજીમાં આ અંગેની એક ઉક્તિ છે, ‘સત્તા (તેના ધારકને) ભ્રષ્ટ કરે છે અને પૂર્ણ સત્તા તેને પૂર્ણપણે ભ્રષ્ટ કરી દે છે.’ સત્તા કેવી કેવી હોય અને એ શી રીતે સત્તાધારીને ભ્રષ્ટ કરી શકે એનું વધુ એક ઉદાહરણ વધુ એક વખત હમણાં પ્રકાશમાં આવ્યું.

આપણા દેશની રાષ્ટ્રીય સ્પ્રિન્ટ ટીમના પ્રશિક્ષક R.K.શર્મા વિરુદ્ધ દેશની અગ્રણી મહિલા સાયકલવીરે ‘અયોગ્ય વર્તણૂંક’ની ફરિયાદ નોંધાવી. એશિયન ચેમ્પીયનશીપની તાલિમ માટે સ્લોવેનીયા જનારી ટીમનો આ સાયકલવીર હિસ્સો હતી. તેણે મૂકેલા આક્ષેપ અનુસાર પ્રશિક્ષક શર્માએ તેને પોતાના રૂમમાં પોતાની સાથે રહેવા જણાવ્યું. તાલીમ પત્યે મસાજ કરી આપવાની દરખાસ્ત મૂકી. સહશયન કરવા કહ્યું તેમજ ‘પોતાની પત્ની’ની ભૂમિકા અદા કરવા જણાવ્યું. આમ કરવામાં ઈન્કાર કરે તો તેની કારકિર્દીનો અંત લાવી દેવાની ધમકી આપી.

વિવિધ રમતોમાં મહિલાઓના પ્રશિક્ષક તરીકે પુરુષ હોય, ત્યારે આમ બનવાની સંભાવના રહેતી હોય છે. કેમ કે આ પ્રશિક્ષકો પાસે અમુક પ્રકારની સત્તા હોય છે. તાલીમ દરમિયાન શારીરિક સ્પર્શ અને નિકટતા સાથે કરવામાં આવતો પ્રવાસ, અજાણ્યા પ્રદેશમાં રહેવાનું, એક જ હોટેલમાં ઊતારો વગેરે બાબતો સામાન્ય હોય છે. આ બધા પરિબળો આવી દુર્ઘટનાઓ માટે કારણભૂત અને જવાબદાર બની રહે છે. અલબત્ત, આ પ્રકારની ઘટનાઓ ખાસ બહાર આવી શકતી નથી. કેમ કે ખેલાડીને માટે પોતાની કારકિર્દી પણ એટલી જ મહત્ત્વની હોય છે. આ ઉપરાંત આપણો સામાજિક માહોલ પણ એવો છે કે જાતીય સતામણીની ફરિયાદ કરતાં પહેલા મહિલા વિચાર કરે.

અગાઉ P.નાગરાજન નામના એક પ્રશિક્ષકની સામે અનેક મહિલા રમતવીરોએ ફરિયાદ નોંધાવી હતી. તાલિમી સત્રો યોજવાના ઓઠા હેઠળ નાગરાજન જાતીય શોષણનો પ્રયત્ન કરતા હતા, જેને પગલે મહિલા રમતવીરોએ ભયાનક માનસિક યાતનામાંથી પસાર થવું પડ્યું હતું.

અલબત્ત, શર્માના કિસ્સામાં આશ્વાસનરૂપ બાબત એ છે કે ‘સ્પોર્ટ્સ ઓથોરિટી

## ફીર દેખો યારોં

**બીરેન કોઠારી**

ઑફ ઈન્ડિયા’(SAI) એ આ ફરિયાદને પગલે ત્વરિત કાર્ય કર્યું છે અને આ આક્ષેપો સાચા જણાતાં તેમનો કરાર રદ કર્યો છે. આ અગાઉ 2020માં ‘SAI’ સમક્ષ કુલ 29 પ્રશિક્ષકો બાબતે બધુ મળીને 5 ફરિયાદો આવી હતી અને એ જાતીય સતામણીની હતી. ‘શિક્ષા ’તરીકે આ પૈકી 5 પ્રશિક્ષકોના વેતનમાં ઘટાડો અને 2 પ્રશિક્ષકોનો કરાર રદ કરવામાં આવ્યો હતો અને એકની ફરજ મોકૂફી કરાઈ હતી. બાકીનાઓની બદલી કરાઈ હતી યા તેમના પેન્શનમાં મામૂલી ઘટાડો કરવામાં આવ્યો હતો. સૌથી ચિંતાજનક બાબત એ હતી કે બાકીનાઓની પૂછપરછ સતત લંબાયા કરતી હતી. એ દરમિયાન એ પ્રશિક્ષકોને પોતાનું કામ ચાલુ રાખવા દેવાયું હતું.

આવું કેવળ ભારતમાં જ બને છે એમ નથી. કેમ કે આ પ્રકારની વૃત્તિ કોઈ દેશવિશેષ નથી હોતી. અમેરિકાની મહિલા ખેલાડીઓના ટીમ ડૉક્ટર લેરી નાસરનો કિસ્સો જગમશહૂર છે. જેમણે પોતાના હોદ્દાનો દુરુપયોગ કરીને સેંકડો યુવતીઓનું જાતીય શોષણ સતત કર્યે રાખ્યું હતું અને આખરે તેમને આકરી સજા ફટકારવામાં આવી હતી. સવાલ આવા શોષણ સામે ફરિયાદની પહેલ કરવાનો હોય છે, જે સામાન્યપણે મોડી થાય છે પણ એક વાર એ થાય એટલે અનેક શોષિતો બહાર આવે છે.

શર્માના મામલે પણ અન્ય શોષિતો પોતાને થયેલી સતામણી કે શોષણની વાત કરવા આગળ આવ્યા છે. આમ કરનારમાં આંદામાનની રાષ્ટ્રીય સાયકલિંગ ચેમ્પિયન અને આંતરરાષ્ટ્રીય સુવર્ણચંદ્રક વિજેતા ડેબરા હેરોલ્ડ અગ્રેસર છે. અન્ય એક મહિલા સાયકલિસ્ટ સાથે પોતાને ‘સંબંધ’ હોવાની આશંકાએ શર્મા અને તેમની સહાયક ગૌતમણિ દેવીએ ડેબરાને રાષ્ટ્રીય ટીમમાંથી દૂર કરી દીધી હતી. ખાસ કરીને ગૌતમણિ દેવી તેમને આ બાબતે મહેણાં મારતા અન્ય ખેલાડીઓથી તેને અલાયદી કરી દેતાં તેમજ તેની સાથે ગમે એમ વર્તતા. આ આક્ષેપના જવાબમાં ગૌતમણિ દેવીએ જણાવ્યું છે કે પોતે કેવળ એટલું જ કરેલું જે કરવા માટે તેમને ‘સાયકલિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયા’ દ્વારા જણાવવામાં આવેલું.

રાષ્ટ્રીય ટીમની અન્ય 2 મહિલા સભ્યોએ પણ શર્મા સામે જાતીય સતામણીનો આક્ષેપ મૂક્યો છે. શર્માનો કિસ્સો એકલદોકલ નથી. એ ભૂતકાળની અનેક ઘટનાઓ પરથી સમજી શકાય એમ છે. આ મામલે ‘SAI’ દ્વારા ઝડપી પગલાં લેવામાં આવ્યા, એ પ્રશંસનીય બાબત ગણાવી શકાય પણ આ સમસ્યાનો કાયમી ધોરણે કોઈ ઉકેલ જણાતો નથી. પ્રશિક્ષક R.K.શર્માને પણ પોતાના બચાવમાં કંઈક કહેવાનું થતું હશે, જે હજી સુધી જાણવા મળ્યું નથી. પ્રશિક્ષક તરીકે કડક અને કઠોર વર્તન કદાચ તેમના અભિગમનો હિસ્સો હોય એમ માની શકાય પણ જાતીય સતામણી કોઈ પણ રીતે ક્ષમ્ય નથી. જાતીય સતામણીને કારણે રમતવીરોની કારકિર્દી પર અવળી અસર પડે એ બરાબર, સાથે સાથે તેમના જીવન પર પણ એ ઓછાયો સતત ઝળૂંબતો રહે એ શક્યતા નકારી શકાતી નથી. અમસ્તી પણ સાવ ટૂંકી રહેતી તેમની કારકિર્દીમાં બનતી આવી દુર્ઘટના અનેક માનસિક સમસ્યાઓને જન્મ આપી શકે છે.

આ બાબતને દબાવવાને બદલે તેને જાહેર કરવી એ જ શ્રેષ્ઠ માર્ગ છે પણ એમ કરવામાં પોતાની કારકિર્દી રોળાઈ જવાનો ખરેખરો ભય તેમને લાગતો હોય છે. આથી છેવટનો આધાર સત્તાધારી ભ્રષ્ટતાને કેટલો સમય ખાળી શકે એમ છે એની પર જ હોય છે. બધા જ પ્રશિક્ષકો આમ કરે છે, એવું સામાન્યીકરણ કરી ન શકાય પણ પોતાને મળતી સત્તાને લઈને ભ્રષ્ટ થવાથી બચવું મુશ્કેલ હોય છે. આજે શોષિત હોય એની સ્થિતિ આવતી કાલે બદલાય અને તેને સત્તા મળે ત્યારે આ બાબત યાદ રહે એ જરૂરી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

## અખંડ ભારતના ગપગોળા

તંત્રી શ્રી તા. 19/6ના ગુજરાતમિત્રમા ચર્ચાપત્રી K.T.સોનીએ અખંડ ભારતનો લોલીપોપ પકડાવતું જ્યોતિષ આધારિત ચર્ચાપત્ર લખ્યું છે. પહેલું તો એ કે જ્યોતિષ એ બ્રાહ્મણોએ ઉભા કરેલા પાખંડ સિવાય બીજુ કંઇ નથી. વળી, એ સિધ્ધિ નરેન્દ્ર મોદી જ મેળવશે એમ નામ સહિત ગપગોળો ગબડાવ્યો છે. આવું જ બયાન થોડાં સમય પહેલા મોહન ભાગવતજીએ આપેલું. જેની સામે પ્રશ્નો કરતું ઉત્તમ ચર્ચાપત્ર પ્રેમ સુમેસરાએ લખેલું. અખંડ ભારત નિર્માણ સામે અનેક પ્રશ્નો છે. જેમ કે મોદીજીમાં જો એવી ત્રેવડ હોય તો પહેલા પાકિસ્તાન દબોચી ગયું છે એ POK તો છોડાવી કબ્જો કરી બતાવો. વળી પાક. અણુબોંબ સંપન્ન રાષ્ટ્ર છે. બકરીનું બચ્ચું નથી કે મોદી 2 હાથ પહોળા કરીને ગજવે ઘાલી દે. ચીન જેવો શક્તિશાળી ખેપાની દેશ એમાં મોદીને સફળ થવા દે એ શક્ય જ નથી. ઉપરાંત, મોદીજી દેશના 22 કરોડ મુસ્લિમોને સાચવી નથી શકતા તો બીજા 20 કરોડ મુસ્લિમોનું તેઓ શું કરશે? (પાક + બાંગ્લાદેશ) અને એ 20 કરોડ મુસ્લિમો ચુપચાપ ભારતના હિંદુત્વવાદીઓનું આધિપત્ય સ્વીકારશે? ના, તો મોદીમાં એમને વશ કરવાની ત્રેવડ છે? 140 કરોડ ભારતીયો તો સચવાતા નથી, ત્યાં બીજા 20 કરોડ નવી વિરાટ સમસ્યાઓ લાવશે તો એનું શું કરશો અને ત્યાંના આજના નેતાઓ તમારી વણજોઈતી ગુલામી સ્વીકારે ખરા? અખંડ ભારત ઊભું કરી કરશો શું? અહીં ડગલે ને પગલે ચોર - લૂંટારાઓનું તો રાજ છે. શું દુનિયા આ નથી જાણતી? જ્યોતિષના નામે ગપગોળા છોડવા સહેલા છે. વાસ્તવિકતાઓ કઠીન છે. કોઈ માણસ બાપ મટીને દીકરો બનવા તૈયાર ન થાય. મુંગેરીલાલ જેવા સપના જોવાનું બંધ કરી, ચીનનો સામનો કરવાની તૈયારી કરો. નહીં તો હવેલી લેવા જતાં ગુજરાત(પૂર્વાંચલ) ખોવાનો વારો આવશે! તાકાત હોય તો પહેલા POK કબજે કરી બતાવો ભાઈ! અમે રાહ જોઈશું!

**સુરત - જીતેન્દ્ર પાનવાલા**

## કેન્દ્ર - રાજ્ય વચ્ચે સારા સંબંધ દેશને ઉપકારક છે

દેશના વિકાસમાં અત્યંત ઉપકારક એવી વૈશ્વિક અવકાશ ઉદ્યોગમાં દેશનો હિસ્સો વધારવા માટે ખાનગી ક્ષેત્રની મહત્વની ભૂમિકા માટે ઈન સ્પેસ યોજના લોંચ થતી હોય ત્યારે, દેશમાં 5G નેટવર્ક ટૂંકમાં આવવાનું હોય ત્યારે, દેશના યુવા બેકારોને માટે અગ્નિપથ લશ્કરની ભરતી યોજના જાહેર થતી હોય ત્યારે કેન્દ્ર સરકારને રાજ્યોના સહકારની જરૂર હોય એ સ્વાભાવિક છે. તેથી રાજ્ય સરકારોએ પોતાના મતોના સ્વાર્થો છોડીને દેશ અને સમાજ હિતમાં કેન્દ્ર સરકારનો સહયોગ અનિવાર્ય છે. દેશના બીજા રાજ્યોના પ્રમાણમાં ઓડીસાની નવીન પટનાયકની સરકાર જે શાંત રીતે કેન્દ્ર સરકારના સહયોગમાં રહીને વર્ષોથી બિનવિવાદાસ્પદ રીતે કાર્યરત છે, તેવી જ રીતે માત્રને માત્ર દેશના કર્મઠ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિરોધને કારણે પશ્ચિમ બંગાળ અને દિલ્હી સરકાર જે રીતે સતત વિરોધો અને તૃષ્ટિકરણોની ખોટી કાર્યશૈલી અપનાવીને કેન્દ્ર સરકારની સામે પડેલ છે તે હવે દેશ અને સમાજ હિતમાં સદંતર બંધ થવાની જરૂર છે. લોકશાહીમાં સંસદીય બહુમતી હોવા છતાં કેન્દ્ર સરકારને પોતાની મર્યાદાઓ છે. તમારું ગમે તેટલુ વર્ચસ્વ હોય, પરંતુ આપણો દેશ રાજ્યોનો સંઘ છે. રાજ્યોને સાથે લીધા વગર માળખાગત પરિવર્તન લાવશો તો અહંકારી મનાશે. તેથી કેન્દ્ર સરકારે સમય સમય પર રાજ્ય સરકારો સાથે મિટીંગ બોલાવીને દેશ અને સમાજ હિતના નિર્ણયો સંભવિત વિરોધો અટકાવવા લેવાની ખાસ જરૂર છે. એક નાના કુટુંબમાં પણ પ્રશ્નો હોય છે, જ્યારે આ તો 135 કરોડ નાગરિકોનો દેશ ચલાવવાનો છે. ત્યારે પ્રશ્નો હોય એ સ્વાભાવિક છે, ત્યારે પ્રશ્નોની ગંભીરતાથી ચર્ચા કરીને સર્વ સંમતિ ન લેવાતી હોય તો બહુમતિથી નિર્ણયો લેવાય, તે વિશ્વની મોટી લોકશાહી દેશ તરીકે હવે અનિવાર્ય બને છે. જેના પરિણામે દેશનો વિકાસ થાય અને સમાજમાં સાચી હૃદયની શાંતિ નિર્માણ કરી શકાય.

**અમદાવાદ - પ્રવીણ રાઠોડ**

## પિતા નેપથ્ય પાછળના હિરો

હમણાં ફાધર્સ ડે આવ્યો અને ગયો પણ પિતા તો હંમેશ છે. પિતા કુટુંબનું છત્ર છે, તેમ છતાં તે નેપથ્ય પાછળના હિરો છે. કુટુંબને માટે તે ચંપલ તુટેલી હોય તો મોચી પાસે જઈ બે ટાંકા મરાવી ચલાવી લે છે. શર્ટ કે પેન્ટ થોડું ફાટેલ હોય તો જાતે જ સોય દોરો લઈને સાંધી લે છે. આજકાલ ફાટેલ અને થીંગડાવાળા કપડાની ફેશન ચાલે છે, જે વર્ષો પહેલા આપણા બાપ - દાદાએ એનો અમલ કર્યો હતો. પિતા કુટુંબને માટે જાત ઘસી નાંખે. તોય તે પડદા પાછળના હિરો જ રહે છે. પિતાને વહાલી એની દીકરી હોય છે. દીકરીના લગ્ન થયા પછી તેને વિદાય કરવામાં આવે છે, ત્યારે પણ પિતા ઘરના એક ખુણામાં જઈને રડી લે છે, ત્યાં પણ નેપથ્ય! પિતા દીકરીના સાસરે જાય તો ત્યાંનું પાણી પણ ન પીએ અને જો એ જમે તો દીકરીને સારી એવી રકમ આપી દે છે. આ છે પિતાની દીકરી માટેની ભાવના - લાગણી. જો પિતાએ પોતાના સંતાનને સારા સંસ્કાર આપ્યા હોય અને એને ધન દોલત ભલે ન આપ્યા હોય તો પણ સંતાન જાતે ધન દોલત મેળવી લેશે. પિતાનું હૃદય નાળિયેર જેવું હોય છે, ઉપરથી કઠણ પણ અંદરથી કોમળ. પત્નીનું મૃત્યુ થતાં પિતા સંતાનને માટે માતા અને પિતા બંનેની ફરજ બજાવે છે. તો એવા પિતા ધન્યવાદને પાત્ર છે. પિતા બાળકની આંગળી પકડીને શેરી મહોલ્લામાં લઈ જઈ દુનિયાદારીનું ભાન કરાવે છે. નાનું બાળક પૂછે પિતાને કે પપ્પા આ શું? પિતા કહે છે કાગડો. બાળક પાછો પૂછે, પપ્પા આ શું? પિતા કહે છે કાગડો. આમ પ્રશ્નોત્તર ઘણીવાર થાય તોયે પિતા કંટાળતા નથી. દીકરો મોટો થાય પછી પિતા એક જ પ્રશ્ન 2 - 4 વખત પૂછે તો યુવાન ગુસ્સે થઈ જાય છે. આ પિતા અને પુત્રમાં ફરક છે. દરેક સંતાન પોતાના પિતાને માન આપે, તેનું સન્માન કરે એ જરૂરી જ નહીં અનિવાર્ય છે.

**નવસારી - મહેશ નાયક**

## દેશમાં સોંઘવારી લાવવી છે?

તા. 13 જુનના પ્રેમ સુમેસરાજીના ચર્ચાપત્ર દેશ ટનાટન ચલાવવો છે? એમાં થોડી વધુ વિગત. ભારતના તમામ રાજ્યમાંથી રાજ્યપાલની પોસ્ટ જ કેન્સલ કરી દેવી. ઈમરજન્સીમાં બંધારણીય કટોકટી વખતે હાઈકોર્ટ - સુપ્રીમ કોર્ટના જજની હંગામી નિયુક્તી કરી શકાય. રાજ્યપાલ અને તેમના સ્ટાફની છુટ્ટીથી દેશના કરોડો રૂપિયા બચી જશે. રાજ્યપાલ ભવનને 2 સ્ટાર - 3 સ્ટાર હોટલમાં ફેરવી ભાડાની કરોડોની આવક મેળવી શકાય. સમગ્ર ભારતમાં 5 વર્ષ સુધી સંપૂર્ણ લગ્ન પ્રતિબંધક ધારો લાગુ કરવો. કોઈ પણ ભારતીય 5 વર્ષ સુધી લગ્ન(લવ-મેરેજ) કરી શકશે નહીં. જેથી વસ્તી 5 વર્ષ બાદ નિયંત્રણમાં આવી જતાં મોંઘવારી ઘટશે. ભારતની તમામ કોર્ટમાં લાખો કેસ પેન્ડીંગ પડેલા છે. ન્યાય સમય સીમામાં ન મળવાથી પણ ભ્રષ્ટાચાર વધે છે. તો કોર્ટની તમામ રજા કેન્સલ કરવી. 15 ઓગસ્ટ, 26 જાન્યુઆરી અને દિવાળીની 10 સિવાય તમામ રજા રદ કરી કોર્ટ બે પાળીમાં ચલાવવામાં આવે. સવારે 8 થી 2 અને 2 થી 8. જેથી ન્યાય ઝડપથી મળે. પેન્ડીંગ કેસ ઘટે. સાંસદસભ્ય, ધારાસભ્ય, કોર્પોરેટરને વિકાસ કાર્ય માટે ફાળવાતી ગ્રાંટ 5 વર્ષ બંધ કરી એ પૈસા મોંઘવારી ઘટાડવામાં વાપરવા જોઈએ.

**પુણા ગામ - યશવંત મ. પારેખ**

## ખૂબ સુરત સૂરત

હવે સુરતની સૂરત બદલાતાં તે ખૂબસુરત બનવા જઈ રહ્યું છે. 126 હેકટરમાં સુરત મહાનગર રાજ્યનું પ્રથમ અર્બન ફોરેસ્ટ તૈયાર થઈ રહ્યું છે. પર્યાવરણની જાળવણી સાથે સાથે શહેરીજનોને હરવા ફરવા માટે એક યોગ્ય જગ્યા મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા રાજ્યનો પ્રથમ બાયોડાઈવર્સિટી પાર્ક સુરતમાં ખાડી કિનારે વિકસિત થઈ રહ્યો છે. 186 હેકટરમાંથી 86 હેકટર જમીનમાં પ્લાન્ટેશન થશે. ખાડીની દુર્ગંધ દૂર કરવા સુગંધિત વૃક્ષો ઉછેરાશે. ઉપરાંત, છઠ પૂજા માટે તળાવ અને બર્ડ વોચીંગ ટાવરનું સર્જન પણ છે. 90 જાતિના રોપાઓ રોપાયા છે. સાયકલ ટ્રેક પણ રાખવામાં આવ્યો છે. ઉપરાંત, ડિસ્કવરી સેન્ટર પણ બનશે. સુરત મહાનગરનું આ અર્બન ફોરેસ્ટ ગુજરાત રાજ્યનું પ્રથમ અને સૌથી મોટું અર્બન ફોરેસ્ટ થનાર છે, જે સ્માર્ટ સિટી હેઠળ તૈયાર થનાર બાયોડાયવર્સિટી પાર્ક બનશે. પાર્કમાં 5 પીપળીનો વિસ્તારનો સમાવેશ કરાયો છે. પાર્કને લીધે શહેરમાં ગ્રીન બેલ્ટ તૈયાર થશે. કુલ “ 108 કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ સાકાર થઈ રહ્યો છે. પાર્કમાં વધુને વધુ પક્ષીઓ પણ આકર્ષિત થઈને આવશે. બાળકોને રમવા માટેનાં અનેક સાધનો મૂકાશે. સાથે સાથે આર્ટિફિશિયલ ફ્લોટીંગ આઈસલેન્ડ ગ્રીનરી વિકાસ કરવામાં આવશે. ફરવા લાયક વિહારધામની સાથે ત્યાં પાણીનું મોટી માત્રામાં શુદ્ધિકરણ પણ કરવામાં આવશે. ખાડીની દુર્ગંધ સુગંધિત વૃક્ષો દ્વારા દૂર થશે. વરસાદી જળનો સંગ્રહ પણ થશે. પ્રતિ વર્ષ 22મી મેને ‘‘આંતરરાષ્ટ્રીય બાયોડાયવર્સિટી દિવસ’’ તરીકે ઉજવવામાં આવે છે અને એ દિશામાં સુરતે પ્રસ્થાન કર્યું છે. તે ગર્વનો વિષય કહેવાય.

**સુરત - યૂસુફ એમ. ગુજરાતી**